# भगवद्भक्तिभेद निरूपकः पूर्व विभागः
## प्रथम-लहरीः - सामान्य भक्तिः

## श्रीश्रीराधागोविन्द देवो विजयते –

[१] अखिलरसामृतमूर्तिः प्रसृमररुचिरुद्धतारकापालिः।
कलितश्यामा - ललितो राधाप्रेयान् विधुर्जयति ॥

[૧] જે પૂર્ણ રસામૃત સ્વરૂપ છે, જે પોતાની ચારે તરફ ફેલાયેલી કાન્તિથી તારાગણની પંક્તિને પ્રભાહીન કરે છે, જે રાત્રિના સૌંદર્યને પ્રગટ કરે છે, તે વૈશાખી પૂર્ણિમાના ચંદ્રનો જય હો.

[२] हृदि यस्य प्रेरणया प्रवर्तित्तोऽहं वराकरूपोऽपि ।
तस्य हरेः पदकमलं वन्दे चैतन्यदेवस्य ॥

[૨] હૃદયમાં જેની પ્રેરણાથી હું અતિ અલ્પબુદ્ધિ હોવા છતાં આ ગ્રંથની રચનામાં પ્રવૃત્ત થઈ રહ્યો છું, તે શ્રીકૃષ્ણસ્વરૂપ શ્રીકૃષ્ણચૈતન્યદેવના ચરણકમલને વંદું છું.

[३] विश्राममन्दिरतया तस्य सनातनतनोर्मदीशस्य ।
भक्तिरसामृतसिन्धुर्भवतु सदाऽयं प्रमोदाय ॥

[૩] સનાતનસ્વરૂપ મારા પ્રભુનું વિશ્રામમંદિર હોવાથી આ ભક્તિરસામૃતસિન્ધુ ગ્રંથ એમને સદા આનંદદાયક બની રહો.

[४] भक्तिरसामृतसिन्धौ चरतः परिभूतकालजालभियः ।
भक्तमकरानशीलितमुक्ति - नदीकान्नमस्यामि ॥

[૪] ભક્તિરસસ્વરૂપઅમૃતના સાગરમાં જે વિહાર કરનારા છે, જે મૃત્યુપાશના ભયથી મુક્ત છે, જેઓએ મુક્તિસ્વરૂપ નદીઓનો પણ અનાદર કર્યો છે, તે ભક્તસ્વરૂપ મગરોને વંદન કરું છું.

### કર્મ-જ્ઞાન સાધનનું નિરાકરણ

[५] मीमांसकवडवाऽग्नेः कठिनामपि कुन्ठयन्नसौ जिह्वाऽग्नेः ।
स्फुरतु सनातन! सुचिरं तव भक्तिरसामृतान्भोधिः ॥

[૫] હે સનાતન! મીમાંસકરૂપી વડવાગ્નિની પ્રખર જિહ્વાને કુંઠિત કરનાર આપનું આ ભક્તિરસામૃત સદાય સ્ફુરિત થતું રહે.

**[६] भक्तिरसस्य प्रस्तुतिरखिल – जगन्मंगलप्रसंगस्य ।**
**अज्ञेनापि मयाऽस्य क्रियते सुहृदां प्रमोदाय ॥**

[૬] અલ્પજ્ઞાની હોવા છતાં પણ સુહૃદવૃંદ – ભક્તિમાર્ગના અનુયાયી સજ્જનોના પ્રમોદને માટે, સમગ્ર જગતનું મંગલ કરનારા શ્રીકૃષ્ણ વિષયક ભક્તિરસને હું પ્રસ્તુત કરું છું.

**[७] एतस्य भगवद्भक्तिरसामृतपयोनिधेः ।**
**चत्वारः खलु वक्ष्यन्ते भागाः पूर्वादयः क्रमात् ॥**

[૭] આ ભક્તિરસામૃતસાગરના ક્રમાનુસાર ૧. પૂર્વ ૨. દક્ષિણ ૩.પશ્ચિમ ૪. ઉત્તર વિભાગો કરવામાં આવશે.

**[८] तत्र पूर्वे विभागेऽस्मिन् भक्तिभेदनिरूपके ।**
**अनुक्रमेण वक्तव्यं लहरीणां चतुष्टयम् ॥**

[૮] એ ચારે વિભાગોમાં ભક્તિના પ્રકારોનું નિરૂપણ કરનાર ‘પૂર્વ વિભાગ’માં ક્રમપૂર્વક ચાર ‘લહરી’નું નિરૂપણ કરવામાં આવશે.

**[९] आद्या सामान्यभक्त्याढ्या द्वितीया साधनांकिता ।**
**भावाश्रिता तृतीया चतुर्था प्रेमनिरुपिका ॥**

[૯] પ્રથમ ‘લહરી’ – ‘સામાન્ય ભક્તિ’, દ્વિતીય ‘લહરી’ – ‘સાધનભક્તિ’, તૃતીય ‘લહરી’ –‘ભાવાશ્રિત ભક્તિ’, અને ચતુર્થ ‘લહરી’ – ‘પ્રેમભક્તિ’નું નિરૂપણ કરનાર છે.

**[१०] तत्रादौ सुष्ठु वैशिष्ट्यमस्या : कथयितुं स्फुटम् ।**
**लक्षणं क्रियते भक्तेरुत्तमाया : सतां मतम् ॥**

[૧૦} આ પૈકી સર્વપ્રથમ ‘લહરી’માં - ભક્તિની વિશેષતાઓને સાંગોપાંગ નિરૂપવા ભક્તિના મર્મને જાણનાર અનુસાર ‘ઉત્તમા ભક્તિ’ને પ્રસ્તુત કરવામાં આવે છે.

**ભક્તિનું લક્ષણ -**

**[११] अन्याभिलाषिताशून्यं ज्ञानकर्माद्यनावृतम् ।**
**आनुकूल्येन कृष्णानुशीलनं भक्तिरुत्तमा ॥**

[૧૧] અન્ય કામનારહિત, જ્ઞાન–કર્મ વગેરેથી મુક્ત, તથા અનુકૂળ ભાવથી શ્રીકૃષ્ણનું અનુશીલન છે, તે ‘ઉત્તમા ભક્તિ’ છે.

**यथा नारदपंचरात्रे – જેમ કે, નારદપંચરાત્રમાં –**

**[१२] सर्वोपाधिविनिर्मुक्तं तत्परत्वेन निर्मलम् ।**
**हृषीकेण हृषीकेशसेवनं भक्तिरुच्यते ।।**

[૧૨] સર્વ ઉપાધિઓ [કામનાઓ]થી રહિત, તન્મયતાયુક્ત, પવિત્ર [જ્ઞાન, કર્મના મિશ્રણથી રહિત], સર્વ ઇન્દ્રિયોથી શ્રીકૃષ્ણનું જે સેવન છે, તેને ભક્તિ કહે છે.

**श्रीभागवतस्य तृतीयस्कन्धे च –[३/२९/१२-१४]-**
**શ્રીભાગવતનાં ત્રીજા સ્કંધમાં-** [૩/૨૯/૧૨-૧૪]

**[१३] अहैतुक्यव्यवहिता या भक्तिः पुरुषोत्तमे ।।**

[૧૩] ભગવાન શ્રીકૃષ્ણમાં નિષ્કામ તેમ જ અવ્યવહિત [જ્ઞાન-કર્મરહિત] જે ભક્તિ છે.

**[१४] सालोक्यसार्ष्टिसामीप्यसारूप्यैकत्वमप्युत ।**
**दीयमानं न गृएणन्ति विना मत्सेवनं जनाः ।।**

[૧૪] તેને પ્રાપ્ત કરનારા ભક્ત – સાલોક્ય, સાર્ષ્ટિ, સામીપ્ય, સારૂપ્ય, તથા સાયુજ્ય - આ પાંચ પ્રકારની મુક્તિને પણ સ્વીકારતા નથી, પણ કેવળ મારી સેવા જ ઇચ્છે છે.

**[१५] स एव भक्तियोगाख्य आत्यन्तिक उदाहृतः ।।**

[૧૫] આવા ભક્તિયોગને જ સર્વોત્કૃષ્ટ કહ્યો છે.

**[१६] सालोक्येत्यादिपद्यस्थभक्तोत्कर्षनिरुपणम् ।**
**भक्तेर्विशुद्धताव्यक्त्या लक्षणे पर्यवस्यति ।।**

[૧૬] સાલોક્ય વગેરે શ્લોકમાં ભક્તોના ઉત્કર્ષનું નિરૂપણ થયું છે. [તો પછી ભક્તિનાં લક્ષણોમાં તેનો નિર્દેશ કેમ છે?] એમાં ભક્તની વિશુદ્ધ [જ્ઞાન-કર્મથી રહિત] ભક્તિ જ પ્રકાશિત થઈ છે. આથી આ પણ ભક્તિના લક્ષણ સ્વરૂપે સમાવિષ્ટ છે.

**[१७] क्लेशघ्नी शुभदा मोक्षलाघुताकृत् सुदुर्लभा ।**
**सान्द्रानन्दविशेषात्मा श्रीकृष्णाकर्षणी च सा ।।**

[૧૭] પૂર્વોક્ત ભક્તિક્લેશનો નાશ કરનાર, કલ્યાણ કરનાર, મુક્તિને તુચ્છ બનાવનાર, અત્યંત મુશ્કેલીથી પ્રાપ્ત થનાર, તે આનંદઘન વિશેષાત્મા છે. તેમ જ શ્રીકૃષ્ણને પોતાની તરફ આકર્ષનારી છે.

**तत्रास्याः क्लेशघ्नत्वम्** – ત્યાં તેનું ક્લેશને નષ્ટ કરવાપણું -

**[१८] क्लेशास्तु पापं तद्बीजमविद्या चेति ते त्रिधा ॥**

**तत्र पापम्** –

[૧૮] ભક્તિના ક્લેશનું નિવારણ પ્રસ્તુત છે - ૧. પાપ, ૨. પાપનું બીજ અને ૩. અવિદ્યા.

**આ પૈકી પાપ –**

**[१९] अप्रारब्धं भवेत् पापं प्रारब्धं चेति तद् द्विधा ॥**

[૧૯] પાપ બે પ્રકારનું છે - ૧. અપ્રારબ્ધ ૨. પ્રારબ્ધ.

**तत्र अप्रारब्धहरत्वं यथा एकादशे [११/१४/१६]**

**ત્યાં અપ્રારબ્ધને નષ્ટ કરવાપણું - જેમ કે, અગિયારમા સ્કંધમાં –** [૧૧/૧૪/૧૬]

**[२०] यथाग्निः सुसमृद्धार्चिःकरोत्येधांसि भस्मसात् ।**
**तथा मद्विषया भक्तिरुद्धवैनांसि कृत्स्नशः ॥**

[૨૦] જેવી રીતે પ્રજ્વલિત અગ્નિ ઇંધણને બાળીને નષ્ટ કરે છે, તેવી રીતે મારી ભક્તિ સમગ્ર પાપોને બાળીને ભસ્મ કરે છે.

**प्रारब्धहरत्वं यथा तृतीये** –

**પ્રારબ્ધને હરવાપણું – જેમ કે ત્રીજા સ્કંધમાં-** [૩/૩૩/૬]

**[२१] यन्नामधेयश्रवणानुकीर्तनाद्यप्रह्वणाद्यात्स्मरणादपि क्वचित् ।**
**श्वादोऽपि सद्यः सवनाय कल्पते कुतः पुनस्ते भगवन्नु दर्शनात्॥**

[૨૧] હે ભગવાન! આપના નામનું શ્રવણ, કીર્તન કરવાથી તથા આપને નમસ્કાર, આપનું સ્મરણ કરવાથી કૂતરાનું માંસ ખાનાર ચાંડાળ પણ તરત સોમયજ્ઞ કરનાર બ્રાહ્મણ સમાન પૂજનીય થાય છે, તો પછી આપનું દર્શન કરનાર વ્યક્તિ કૃતકૃત્ય થાય તેમાં કહેવું જ શું?

**[२२] दुर्जातिरेव सवनायोग्यत्वे कारणं मतम् ।**
**दुर्जात्यारम्भकं पापं यत्स्यात्प्रारब्धमेव तत् ॥**

[૨૨] દુઃજાતિ જ યજ્ઞની અયોગ્યતામાં કારણ મનાય છે. દુઃજાતિનું કારણ - પાપ, જે છે, તે પ્રારબ્ધ જ છે.

**पाद्मे च – અને પદ્મપુરાણમાં -**

[२३] **अप्रारब्धफलं पापं कूटं बीजं फलोन्मुखम् ।**
**क्रमेणैव प्रलीयन्ते विष्णुभक्तिरतात्मनाम् ।।**

[૨૩] જેનો આત્મા શ્રીકૃષ્ણમાં લીન છે, તેમનાં અપ્રારબ્ધ ફળ, કૂટ [બીજ] તેમ જ ફલોન્મુખ પાપ ક્રમશઃ નષ્ટ થઈ જાય છે.

**बीजहरत्वं यथा षष्ठे [६/२/१७]**

**જેમ કે છઠ્ઠા સ્કંધમાં- તેનું બીજ નષ્ટ કરવાપણું –[૬/૨/૧૭]**

[२४] **तैस्तान्यघानि पूयन्ते तपोदानव्रतादिभिः ।**
**नाधर्मजं तद्धृदयं तदपीशॉघ्रिसेवया ।।**

[૨૪] તપ, દાન, વ્રત આદિથી તે પાપકર્મોનો નાશ થાય છે, પરંતુ પાપના બીજનો નાશ ભગવાનનાં ચરણકમલની સેવાથી થાય છે.

**अविद्याहरत्वं यथा चतुर्थे –[४/२२/२९]**

**જેમ કે ચોથા સ્કંધમાં અવિદ્યા નષ્ટ કરવાપણું –[૪/૨૨/૨૯]**

**ભક્તિનું અવિદ્યા નષ્ટ કરવાપણું -**

[२५] **यत्पादपंकजपलाशविलासभक्त्या ।**
**कर्माशयं ग्रथितमुद्ग्रथयन्ति ।**
**तद्वन्नरिक्तमतयो यततोऽपि रुद्ध ।**
**श्रोतोगणास्तमरणं भज वासुदेवम् ।।**

[૨૫] સંતો જેનાં ચરણકમલની આંગળીઓની કાન્તિનું સ્મરણ કરી ગૂંચવાયેલાં કર્મોની ગ્રંથિઓને તોડી નાખે છે, પરંતુ ભક્તિવિહીન બુદ્ધિયુક્ત પોતાની ઇન્દ્રિયોના દમનમાં રત સંન્યાસી - યોગી તે ગ્રંથિનું છેદન નથી કરી શકતા, તે સુખસ્વરૂપ ભગવાન શ્રીકૃષ્ણનું ભજન કરો.

**पाद्मे च – અને પદ્મપુરાણમાં -**

[२६] **कृतानुयात्रा विद्याभिर्हरिभक्तिरनुत्तमा ।**
**अविद्यां निर्दहत्याशु दावज्वालेव पन्नगीम् ।।**

[૨૬] જેવી રીતે દાવાનળ સાપણને બાળી નાખે છે, તેવી રીતે અતિ ઉત્કૃષ્ટ હરિભક્તિ પણ તેને અનુસરનાર વિદ્યા વડે અવિદ્યાને બાળી નાખે છે.

**शुभदत्वम्- અને શુભતા આપવાપણું -**

**[२७] शुभानि प्रीणनं सर्वजगतामनुरक्तता ।**
**सद्गुणाः सुखमित्यादीन्याख्यातानि मनीषिभिः ॥**

[૨૭] જગતનાં સમગ્ર પ્રાણીઓને સંતોષ આપવો, તેમનો પ્રેમ પ્રાપ્ત કરવો, દયા - નમ્રતા વગેરે સદ્ગુણોયુક્ત હોવું, તથા સુખ - આ ચારેયને વિદ્વાનો 'શુભ' તરીકે ઓળખે છે.

**तत्र जगत्प्रीणनादिद्वयप्रदत्वं यथा पाद्मे – ત્યાં જગતને પ્રેમ વગેરે બેઉ પ્રાપ્ત કરવાની વાત, જેમ કે પદ્મપુરાણમાં -**

**[२८] येनार्चितो हरिस्तेन तर्पितानि जगन्त्यपि ।**
**रज्यन्ति जन्तवस्तत्र जंगमाः स्थावरा अपि ॥**

[૨૮] જેણે પોતાની સેવા દ્વારા શ્રીભગવાનને સંતુષ્ટ કર્યા છે, તેણે સમગ્ર સંસારના પ્રાણીવર્ગને સંતુષ્ટ કરી લીધો છે. તેને સ્થાવર - જંગમયુક્ત સંસાર પણ પ્રેમ કરે છે.

**सद्गुणादिप्रदत्वं यथा पंचमे-[५/१८/१२]**
**સદ્ગુણ આપનાર - જેમ કે પાંચમા સ્કંધમાં –** [૫/૧૮/૧૨]

**[२९] यस्यास्ति भक्तिर्भगवत्यकिञ्चना सर्वैर्गुणैस्तत्र समासते सुराः ।**
**हरावभक्तस्य कुतो महद्गुणा मनोरथेनासति धावतो बहिः ॥**

[૨૯] જેની ભગવાન પ્રત્યે વિશુદ્ધ ભક્તિ છે, તેમાં સર્વ સદ્ગુણો સહિત દેવતાવર્ગ નિવાસ કરે છે. ભગવાન શ્રીકૃષ્ણનો જે ભક્ત નથી, અને જેનું મન સદાય સાંસારિક વિષયોમાં ભમ્યા કરે છે, તેમાં મહાન ગુણ કેવી રીતે આવી શકે?

**सुखप्रदत्वम् – સુખ આપનાર -**

**[३०] सुखं वैषयिकं ब्राह्ममैश्वरं चेति तत्त्रिधा ॥**

[૩૦] સુખ ત્રણ પ્રકારનાં છે - ૧. વૈષયિક સુખ, ૨. બ્રાહ્મ સુખ,૩. ઐશ્વર્ય સુખ.

**यथा तन्त्रे – જેમ કે તંત્રમાં -**

**[३१] सिद्धयः परमाश्चर्या भुक्तिर्मुक्तिश्च शाश्वती ।**
**नित्यं च परमानन्दो भवेद् गोविन्दभक्तितः ॥**

[૩૧] પરમ આશ્ચર્યજનક અણિમાદિ સિદ્ધિ, ભુક્તિ, મુક્તિ અને શાશ્વત્ પરમાનંદ - આ ચારેય પ્રકારનાં સુખ ભગવાન શ્રીગોવિંદની ભક્તિથી પ્રાપ્ત થાય છે.